સૌભાગ્ય અલંકાર કુંકુમ તિલક.

જેની અંદર શિયળ, પતિ ભક્તિ, આચાર વિચાર,
માબાપની સેવા, શ્વસુર કુટુંબ પ્રત્યેનો પ્રેમ-
પૂર્વક પ્રજા કેળવણી વિગેરેનો નીતિ, નારી
ઉત્તમોપદેશનો આબેહુબ ચિતાર છે

યોજી છપાવી-પ્રસિદ્ધ કરનાર,

ફકીરચંદ મૂળચંદ પટણી.

ચોપાટી ન. ૧૭-મુંબઈ

આવૃત્તિ ૧લી   પ્રત ૫૦૦૦
સંવત ૧૯૭૦   ઈ. સ. ૧૯૧૪

શ્રી 'સત્યનારાયણ' પ્રિન્ટિંગ પ્રેસમાં પટેલ મોતીલાલ કાળીદાસે
છાપી ડીસ્ટ્રીક્ટ કોર્ટ પાસે—અમદાવાદ.

કિંમત વાંચન-મનન.

સૌભાગ્ય અલંકાર કુંકુમ તિલક
૫૨૯૮

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक ૫૨૪૮ वर्गांक

पुस्तकनुं नाम સૌભાગ્ય અલંકાર કુંકુમ તિલક

विषय ક૪૨૬૫

સૌભાગ્ય અલંકાર કુંકુમ તિલક.

જેની અંદર શિયળ, પતિ ભક્તિ, આચાર વિચાર,
માબાપની સેવા, શ્વસૂર કુટુંબ પ્રત્યેનો પ્રેમ-
પૂર્વક પ્રજા કેળવણી વિગેરેનો નીતિ, જ્ઞાન,
ઉત્તમોપદેશનો [illegible] ચિતાર છે.


યોજિ છપાવી-પ્રસિદ્ધ કરનાર,
કંકુચંદ મૂળચંદ પટણી.
ચોપાટી નં. ૭-મુંબઇ.

આવૃત્તિ ૧લી. પ્રત. ૧૦૦૦
સંવત ૧૯૭૦ ઇ. સ. ૧૯૧૪

શ્રી 'સત્યનારાયણ' પ્રિન્ટિંગ પ્રેસમાં પટેલ મોતીલાલ કાળીદાસે
છાપી. ડીસ્ટ્રિક્ટ કોર્ટ પાસે—અમદાવાદ.

કિંમત વાંચન-મનન.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ



બે બોલ.

વાંચન-મનન કરનારા વહાલાં બંધુઓ અને સુશીલ બ્હેનો !

આપની પાસે જ્ઞાન ખાતામાં વાપરવા સારૂ કંઇને કંઇ પણ દ્રવ્ય હશેજ. તો તેને ધાર્મિક વ્યવહારિક જ્ઞાન ખાતામાં વાપરવાને મન ખેંચવું-દોરવવું કેમકે એવું દ્રવ્ય રહી જતાં જો મૃત્યુ થઈ જાય તો આપણને શાસ્ત્રોક્ત મુજબ પર ભવમાં ઘણું શોષવું પડે છે. તેમ થતી જતી રકમ વપરાશમાં (જ્ઞાનના) ન લઇએ અને પાછળથી સ્થિતિમાં ફેરફાર થઇ ગયો. તોપણ જ્ઞાન ખાતાના દેવામાં ડુબી જવાય છે

માટે તેવી લક્ષ્મિ વડે અવશ્ય જ્ઞાનનો પરમ ઉદ્ધાર કરી જનસમુહને જ્ઞાનનો લાભ આપો.

તમો સઘળા સારી પેઠે સમજતા-જાણુતા હશો, છતાં નમ્રતાપણાની માહારા તરફની આ સૂચના છે.

વિશેષ—જ્ઞાનવૃદ્ધિના કારણે, આવા દરેક ઉપયોગી વિષયના પુસ્તકોની વ્યાખ્યાનમાં, કન્યાશાળામાં, અને, સભા મેલાવડામાં પ્રભાવના કરવી ઉત્તમ લાભના અને સુકીર્તિના વધારા માટે યોગ્ય જણાય છે.

જ્યાં જ્યા પ્રભાવના કરાવી શકાય તેવા ઉપયોગી પુસ્તકો પ્રગટ થાય ત્યાં ત્યાં દરેક વ્યક્તિએ યોગ્ય તન મન ને ધનની મદદ કરવી. એવી રકમો અમારા તરફ જે કોઈ મોકલાવશે તેમના નામને પુસ્તક સાથે ચિરસ્થાયી કરી તૈયાર બનાવી નોંધ સાથે અમૂલ્ય ઉપયોગ કરવામાં આવશે. ઇતિશમ્.

યોજક—પ્રકાશક.

ડં. મૂ. પ.

પ્રસ્તાવના.

ચાલુ જમાનામાં મનુષ્યવર્ગ કંઈને કંઈ બાબતોમાં ઊન્નતિના શિખર ઉપર આવવાનો સ્વભાવ રાખે છે તેવા સ્વભાવને લઈ પ્રસંગે પ્રસંગે કલ્પના અને ભાવ ઉભા કરે છે. તેના પરિણામે આચાર વિચાર બાંધે છે. જે અનેક પુસ્તકોદ્વારા આપણને જોવામાં આવે છે.

પુરૂષવર્ગને કેળવણી તરફ વાળવાને જે ભગીરથ પ્રયત્ન અને લાખો રૂપિયાનો ભોગ અપાય છે, તેવો સ્ત્રીવર્ગ તરફ ખ્યાલ રાખવાને બને તો આ સંસાર ચક્રનાં બેઉ પૈડાં નિરાબાધપણે ગતિ કરે. પરંતુ સ્ત્રીવર્ગના રૂડા હિતને માટે કન્યા કેળવણી ઘણીજ ઊતરતા દરજ્જાની દેખાય છે.

પુરૂષને આપત્તિમાં વિશ્રાંતિ પમાડનાર, ગૃહકાર્યે વડે વ્યવહાર માર્ગને સીધી લાઇનમાં રાખી રૂડા પ્રકારની ઈજ્જત-આબરૂને વધારી કુટુંબને ખાનદાનીના માર્ગમાં ચડાવનાર સ્ત્રીઓજ છે. માટે ચોસઠ કળા પ્રમાણનું શિક્ષણ કન્યાઓને આપવાની ખાસ આવશ્યક્તા છે. પણ તેવી સંપૂર્ણ કળા-કૌશલ્ય વાળી કેળવણીની ઘણી અછત-પછાત ને ખામી છે તો મુખ્ય મુખ્ય ફરજો વ્યવહાર માર્ગની અને શિયલ સંરક્ષણની છે તેને પુષ્ટી પમાડવાને અને સ્ત્રીવર્ગમાં બહુ ફેલાવો પમાડવાને અમોએ અગાધ સમુદ્રમાંથી એક ચંચુ ભરી તેની તૃપ્તીનો અંશ દેખાડવા શ્રમ લીધો છે. એ અંશના અલંકારનો પ્રવાહવાળો વેગ ઉછળીને બહુ બળથી ચાલી વાચકવૃંદના હૃદય તળને પોતાની સત્ય ફરજના અંકુરા ઉત્પન્ન કરે છે.

સાંસારિક અને ધાર્મિક—ઉભય કેળવણી પામેલી કુલિન કાન્તાઓના પ્રસંશનિય પ્રભાવ દર્શાવનાર આ લઘુ પુસ્તક

'સૌભાગ્ય શણગાર કુંકૂમતિલક' યોજિ કાઢયું છે. તે સર્વ બહેનોને તેનું વાંચન-મનન સુખરૂપ થશે.

આ પુસ્તક નાનું છતાં બે ભાગે વહેંચેલું છે. પ્રથમ ભાગમાં સ્ત્રી કેળવણીની જરૂર અને તેનાથી થતા લાભનું કિંચીત્ ખ્યાન આપ્યું છે. ત્યારબાદ સ્ત્રીની ત્રણ અવસ્થામાં (માતા, વહુ, કન્યા.) સ્ત્રી સંબંધીની ફરજો પૂર્ણ થવાનું જ્ઞાન, કે જેમાં માબાપની શેવા, વડીલોનો વિનય કરવો, પતિભક્તિ, શ્વસૂર કુટુંબ પ્રત્યે પ્રેમ, અને પોતાના પવિત્ર શિયળનું રક્ષણ વિગેરે યોગ્ય વિષય, અને વિષયને લગતી, સ્ત્રીઓના રાગને છાજતી, બોધદાયક ટુંકી ટુંકી કવિતાઓ આપી છે. વળી તે વર્ગને પસંદ પડે તેવી સાદી અને સરલ, સુગમ અને યથાર્થ અર્થ નજરે કરનારી પદ્ધતિથી લખવામાં આવી છે; જે વાંચનારને આકર્ષણ કર્યા વિના રહેશે નહિં.

બીજા ભાગમાં ૧૦૮ મણકાની માળા, ઉપરના વિષયો ઉપરાંત પરોપકાર, સહનશીલ, અને ગૃહણી તરીકેનું નાયકપણાનો નીતિ પૂર્વક સંકલનાએ બોધરૂપ ગુંથી છે. તે એક ભાલ-કપાળને વિષે કુંકૂમના તિલક સમાન સૌભાગ્યનો અલંકાર બનાવ્યો છે.

ચ પુલ નજિક
ચોપાટી નં. ૭
મુંબઇ.

યોજક-પ્રકાશક,
કુંકૂચંદ મૂળચંદ પટણી.

॥ શ્રી સરસ્વતિભ્યો નમઃ ॥

સૌભાગ્ય અલંકાર કુંકુમતિલક.

ભાગ ૧ લો.

મંગલાચરણ.

શાર્દૂલવિક્રિડીત છંદ.

બ્હેનો ! અંગ ઉમંગથી હૃદયમાં સદ્બોધને સ્થાપજો;
આ સંસાર સુવૃક્ષનાં સદ્બીજો પ્રેમેથી તે વાવજો,
આપી આદર પૂજનિય જનને સન્માર્ગમાં ચાલજો;
આ સંસાર સુધારવા સૌ મળી સ્ત્રી સમાજને વાળજો.

સ્ત્રી ગુણ શિષ્ટાચાર.

દેશની કોમની કે કુટુંબની આબાદિ માટે ખાસ સ્ત્રી કેળવણીની જરૂર છે. કેળવાએલી સ્ત્રીઓ થકીજ અસાર સંસાર સારભૂત થાય છે. સ્ત્રીનું મૂળ કન્યા છે. કન્યા માબાપને ઘેર જન્મે છે. માટે દરેક માબાપે પોતાની કન્યાને પ્રથમથીજ સુકેળવણી આપીને વિદુષી બનાવવાની જંગી જરૂર છે.

પુત્ર હો કે પુત્રી હો, ગરિબ હો કે પૈસાદાર હો; પરંતુ વિદ્યા કેળવણી સર્વને એક સરખી ઉપયોગી છે. એક વિદ્વાને પોતાના લાંબા પ્રવાસના લાંબા વખતના અનુભવથી શોધી

કાઢયું છે કે, જે દેશની સ્થિતિનો વિચાર કરવો હોય તો તે દેશની સ્ત્રીઓની અવસ્થાનોજ વિચાર કરવો, એટલે દેશના સંસારિક સુખોનો હિસાબ સ્હેજે જણાઈ આવશે. દેશની ઉન્નતિ માટે એક વખત આખા યૂરોપ દેશને ધ્રુજાવનાર મહાન્ વીર નેપોલિયન બોનાપાર્ટ પણ કહી ગયો છે કે—

દોહરો.

કહે નેપોલ્યન દેશને, કરવા આબાદાન;
સરસ રીત તો એજ છે, ઘો માતાને જ્ઞાન.

જેમ દેશની, તેમજ કોમની અને કુટુમ્બની ઉન્નતિ માટે પ્રથમ પગથીએજ સ્ત્રી કેળવણીની આવશ્યક્તા પૂરીપૂરી જણાય છે.

માબાપને ઘેર જન્મ લેનારી બાળાઓ જ્યા સૂધી પિતાના ઘરમાં રહી છે, ને પરણાવાતી નથી. ત્યાં સૂધી તે બાળા ‘ કન્યા ’ કહેવાય છે. અને શરીરના સઘળા અવયવ યોગ્ય બની યુવતીપણાને લાયક જણાતાં પરણાવીને સાસરે મોકલવામાં આવે છે, ત્યારે તે સ્થળે ‘ વહુ ’ કહેવાય છે. જ્યારે તે સ્થળે તેને સંતતિ છોકરાં થાય છે, ત્યારે તે ‘ માતા ’ કહેવાય છે. એમ માબાપને ઘેર જન્મ લેનાર બાળાની ત્રણ અવસ્થા બનતી હોવાથી પ્રથમ કન્યાવસ્થામાંજ માબાપોએ પોતાની કન્યાની માનસિક્, વાચિક્, અને શારીરિક કેળવણીને ખીલવવા સારૂ તેમજ સંસાર રૂડો બનાવવા સારૂ ઉચ્ચ પ્રકારની સુકેળવણીનીજ જરૂર છે.

હવે માબાપોએ પોતાની બાળા–કન્યાના વિદ્યાભ્યાસ માટે કાળજી રાખવી. એક ઠેકાણે એક પંડિત જણાવે છે કે–" માતા શત્રુ પિતા વૈરી, યેન બાલો ન પાઠ્યતે, " જે માતા પોતાના બાળકોને ભણાવવાને લક્ષ આપતી નથી તે તેની શત્રુ રૂપે છે, અને જે પિતા તે બાળકોને કેળવણી અપાવતાં બેદરકારીપણું રાખે તે તેનો વેરી જાણવો.

કન્યાએ માબાપના ઘરમાં રહેવું તેટલા સમયમાં યોગ્ય સર્વ કેળવણી મેળવવી જોઇએ. અને તેના ઉપર માબાપોએ અંકુશ સાથે તેનામાં રૂડા આચરણવાળી વિદ્યાની પ્રાપ્તિ થઇ છે કે કેમ તે ઉપર પૂરતું ધ્યાન આપવું. જો તે કન્યા ગુણીઅલ બને તોજ સાસરે જતાં તે પક્ષમાં સૌને પ્રીય થઇ પડે છે, અને પ્રજા પ્રાપ્તિ થતાં તેને પણ સુધારી શકે છે

કન્યાની છેલ્લી અવસ્થા માતા છે. માતા વિના ગૃહ (ઘર) નથી. ઘર વિના પ્રજા નથી. ને પ્રજા વિના રાજ્ય નથી.

નિશાળમાં ભણેલા ગુણોનો ફેરફાર થઇ શકે છે. પણ માતાના તરફથી મળતી કેળવણીમાં ફેરફાર જવલ્લેજ થતો જોવામાં આવે છે. માતાની કેળવણીની બરોબર નિશાળની કેળવણી પહોંચી શકતી નથી; માટે દરેક માબાપે પોતાની કન્યાને ઉચ્ચું શિક્ષણ આપવું ઉચીત છે.

ખરૂં જોતાં ધાર્મિક કેળવણીની ખામીને લઇ આપણી હાલની પ્રજા દિનદિન હાનીવાળી સ્થીતિએ પહોંચે છે. કેટલાક

સુધારકો પશ્ચિમ દેશના પ્રસંગને લઈ યા તો તત્સંબંધીની વલણ પકડીને ફેશન અને મોજશોખ તરફ કંઇ જુદુંજ રૂપ પકડતા જણાય છે. જેથી કેટલાક માર્ગો વિઘ્ન કરતાં થઇ પડયાં છે. પણ જો તેવા સુધારકો પશ્ચિમ દેશની ઉદ્યોગિક રિતરિવાજ અને વિદ્યાનું અનુકરણ કરે અને ધ્યાન આપે તો આ સંસ્કારી પ્રજાને ઘણો લાભ થાય.

બાળકોની માનસિક અને શારીરિક ખીલવણીની હેતુરૂપ માતા છે. માટે બાળાઓના મગજની ખીલવણી કરવાને સારૂ જ્ઞાન તેને ઠસે તેમ હિતવચનો પણ શીખવતાં જવાં, કે તેને લાભ કર્ત્તા થઈ પડે. એક ઠેકાણે માતાએ પોતાની પુત્રીને બોધ કર્યો છે.

("મેઘાડંબર ગાજે"—એ દેશી.)

માત કહે સુણો બાળિકા, આજ શીખ અમારી;
સદ્વર્ત્તનથી ચાલજો, વધે લાજ તમારી. ૧
સત્ય વચન નિત્ય બોલવા, દૂરે જૂઠથી રહેજો;
માન વડીલને આપવું, વાણી વિનયથી કહેજો. ૨
સાંભળવા સદ્બોધને, મન વચન સુધારી;
પરનિંદા પર વાતને, નવ કરવી વધારી. ૩
એ રીતે ટુંકમાં કહું, ધરજો અંતર પ્રીતે;
સતીઓમાં સરખી થવા, શૃંગાર શિલની રીતે. ૪
ઉત્તમ ગુણો મેળવી, શુભ સમજણ વરજો;
કુંકૂમ રંગ સુગંધથી, કુવાસના દૂરે કરજો. ૫

સ્ત્રીઓને ભણાવીને ફેશનની લાડી બનાવવી નથી તેમ વ્હેમી બનાવવી નથી, પણ વિનયાદિ ગુણોએ યુક્ત ન્યાય નીતિ પૂર્વક સંસારિક અને ધાર્મિક જ્ઞાન ગુણ સાથે પોતાનો સંસાર સુખરૂપ કરે તે માટે યોગ્ય સુકેલવણીની અતિ અગત્યવાળી કરવી છે.

જો સ્ત્રી ભણેલી અને સમયને ઓળખનારી સુશીલ બને, તો તે કુટુમ્બમાંથી કલહ–કજિયા દૂર કરાવી સુખને કરવાવાળી થાય છે. વળી કરકસર કરીને અને પરોણા–મેહેમાનને યોગ્ય આદરસત્કાર કરીને ઘરની રૂડી ઈજ્જત વધારનારી બને છે.

જો પોતાની પ્રજાને કેળવાએલી અને સુશિક્ષિત બનાવવી હોય તો માતાએ પ્રથમ કન્યાવસ્થાથીજ સારૂ જ્ઞાન મેળવવું જરૂરનું છે. કેમકે બાળકોના હૃદયમાં જ્ઞાન પ્રેમ અને મધૂરત મૂકનાર માતા છે.

માતાને સંસારમાં કામ કરવાનું મોટું વિસ્તારવાળું ક્ષેત્ર છે. ઘર કેળવણી, કુટુમ્બ કવાયત, રૂડી ઈજ્જત વધારી કુલીન બનવા બનાવવાનું, સુધારા વધારા દાખલ કરવાનું, અને જ્ઞાતિ કે કોમ અને દેશ પ્રત્યેના સમાગમી વ્યવહારિક કાર્યો જાણવાની જંગી જરૂર છે.

જગતની શરૂઆતમાં પણ માતાજ અગ્રેસર લેખાય છે. પ્રાચીન સમયમાં પણ સ્ત્રીઓને ઘણી સારી કેળવણી માટે ભણાવવામાં આવતી હતી તે ઇતિહાસ ઉપરથી સાબીત થાય છે.

તે સમયની સ્ત્રીઓની ઉંચા પ્રકારની અજાયબ પમાડનાર કેળવણી હોવાથી આપણી દુનિયામાં–આપણી પાસે ચમત્કારિ ચરિત્રોવાળી બહાદૂરીવાળું અમર નામ કરી યાદગાર બની ગઇ છે. જેથી તેઓ ગૃહ દેવી, ગૃહ લક્ષ્મિ, અને ગૃહ કારભારી તરીકે ગણાતી હતી. એટલુંજ નહિ પણ ઘરનો એક સાચો સલાહકાર તરીકે લેખાઈ ચૂકી છે. તેથી કરીને સ્ત્રીઓનો સંસાર સુખી હતો, ને સ્ત્રીઓ સુખી તેનું ઘર કુટુમ્બ દેશ કે જગત સુખી ગણાતું. વર્ત્તમાન કાળે ઉચ્ચ વર્ણ–કોમમાં સ્ત્રીઓના માનપાનને આબરૂ પોતાના દેશમાં તો એક બાજુ રહ્યાં, પણ તેનાં ઘરમાં કેવા પ્રકારનાં છે તે હે વાંચનારી બ્હેનો તમે પોતેજ વિચારી જોશો તો અનુભવ પ્રમાણે સ્પષ્ટ જણાઈ આવશે.

ઉંચા દરજ્જાની કેળવણીને પમાડનારા, અને ભીનેથી કોરે સૂવાડી સંભાળ લેનારા માબાપો, મહાન્ જંગમ તિર્થછે તેમની હે બ્હેનો ! ઘણી તારીફ લાયક સેવા ભક્તિ કરવી. એ ઉપકારી માતાપિતાનું રૂણ–દેવું આપણે બિલકુલ વાળી શકીએ તેમ નથી. તેઓ આપણને કંઇપણ કડવાં કે ક્રોધ વચન કહે, તે કડવાં કે ક્રોધીલાં નહીં, પણ અમૃત જેવા મીઠાં સમજવાં. તેઓ આપણા ભવિષ્યના હિતને માટેજ તેઓ કંઇ કહે છે. એક બ્હેને માતપિતા સંબંધી જણાવ્યું છે કે.

(અચકો મચકો કારેલી--એ રાગ.)

સુણ સૈયર વાત અમારીરે, માતપિતા ભક્તિ કરજો;

એ જંગમ તિર્થની શેવારે, કરી નિત્ય મનમાં ડરજો. ૧
આપણુ તેનાં આભારીરે, ગુણ તેનાં નિત્ય ગાઓ;
મનરંજન માતની શેવારે, આચરતાં લેજો લ્હાવો. ૨
કરી પૂજ્ય પિતાની શેવારે, દેવ ગણી દર્શન કરજો;
ભલી ભક્તિ ભાવ ધરીનેરે, પાપ થકી નિત્ય ડરજો. ૩
એ તિર્થ કદી ન વિરાધોરે, પાલક પોષક તે ગણુતાં,
અતિ માત તણા ઉપકારોરે, કેમ ભૂલાય કદિ ભણુતાં. ૪
નવ માસ ઉદરમાં ધરતાંરે, પ્રેમ કરી તેણે પાળ્યાં;
ભીનેથી કોરે લીધાંરે, પળ પળ આવી પંપાળ્યા. ૫
નવરંગ લાડ લડાવ્યારે, વત્સલ ભાવ ધરી;
રસ રંગે નિત્ય રમાડયાંરે, રાખ્યા રંગે રહેમ કરી. ૬
ભલી ભાતે જ્ઞાન ભણાવ્યાંરે, પોષણથી પાળ્યાં પ્રીતે;
મંગળકર મંગળ કીધાંરે, સુખ દુ:ખ વેઠી બહુ રીતે. ૭
દેખી મનમાં હરખાતાંરે, રહેતાં અંતરમાં રાજી;
આભાર કદિ ન ભૂલાયેરે, એ ઉપકાર ઘણા માજી. ૮
સૌ માત પિતાને નમજોરે, પ્રભાતે વહેલાં ઉઠી;
કુંકૂમ રંગ સુગંધીરે, પ્રસરો વિદ્યા જે ત્રૂઠી. ૯

હાલના સમયમાં ઘરનાં સર્વ યોગ્ય કામકાજ પુત્રીઓને શીખવ્યા વગર, જરાતરા કંઇક ભણાવી, અને યોગ્ય ઉમ્મરે એટલે પરણાવ્યા જેવડી થઈ કે તુર્ત જ એવા જોડે પરણાવવામાં આવે છે કે તે પુત્રીને શારીરિક સુખ મળતું નથી. તેમ મિલન પ્રકૃતિ પામતી નથી. કેટલાક માબાપો પોતાની પુત્રીને એવા

સાથે પરણાવે છે કે સ્વતંત્ર રહેનારો અને પરદેશમાં લાંબો વસનારો કે જ્યાં સગા વહાલાં પણ પોતાનાં ન હોય, વળી દેશમાં વસ્તાં કુટુમ્બથી પણ જૂદોજ રહેવાવાળો હોય તેવા જોડે લગ્ન કરીને સાસરે મોકલાવે છે કે જ્યાં જતા વખતથીજ અર્ધ સંસારનો સવ બોજો માથા ઉપર આવે છે. કેટલાક અસહ્ય બોજાથી પણ તે અજ્ઞાત–અજાણ પણ હોય છે. તેથી તે બોજો વેઠની માફક માથેથી ઉતારે છે, અને તેવા બોજા કેટલીકવાર સહન ન થવાથી અધવચમાં સંસાર ત્યાગ કરવાનો વખત આવે છે. ને કેટલીક તેવી પુત્રીઓ–સ્ત્રીઓ નબળી તંદુરસ્તીમાં દિવસો ગુજારે છે. પછી તેમની પ્રજા નિર્માલ્ય અવતરે તો તેમાં નવાઇ નથી. એવી પ્રજા હંમેશકંઇને કંઈક મંદવાડમાં ઘેરાતીજ રહે. તેથી તે સ્ત્રી મંદવાડાંનાજ કામકાજથીજ પરવારે નહિં. પોતાની શેવા પણ થઈ શકે તેમ તેનાથી પણ બનતું નથી. તેથી તે સ્ત્રીનીજ શેવા ઉલટી કુટુમ્બીઓનેજ કરવી પડે છે. જે વિદ્યમાનકાળે ખૂદ સુધારકોમાંજ વિશેષે જણાઈ આવે છે. સંસાર વ્યવહારના નૈતિક અનુભવીઓ જણાવે છે કે પરણાવેલી બાળા પરણીને જતાંથી તે કેટલોક વખત કુટુમ્બ સાસરીઆં સાથે વસીને સંબંધની માહિતગાર બને, અને કામકાજનો અનુભવ મેળવી ગૃહણી બને અને ઘર કામકાજનો ભાર ઉપાડવાને ધોરી સમાન થાય તો પછીથીજ સ્વતંત્ર રહેનાર સ્ત્રીઓ સુખી બને છે. તેવી સ્ત્રીઓ સુખી, ઘર સુખી, અને તેમની પ્રજા પણ સુખી હોય નિરોગી હોઇ આબાદ નિવડે છે, એ નિઃસંદેહ છે.

સ્વતંત્ર રહેનારી સ્ત્રીઓ પછવાડેથી કારણ પરત્વે પણ કુટુમ્બ ભેગી મિલન પ્રકૃતિએ વસી શક્તિ નથી. કદાચિત્ કોઈ રહેવાનું મન કરે ને રહે, પરંતુ લાંબો વખત સલાહસંપથી બિલકુલ ભેગી રહી શકતી નથી. કેમકે પ્રથમથીજ “અન્ન જૂદું ત્યાં મન જૂદું” હોયજ. માટે દરેક કુટુમ્બીઓએ નવ પરણેતર સ્ત્રી માટે અને માબાપોએ તુર્તમાં પરણાવેલી પુત્રીના ભવિષ્યના હિતને માટે દીર્ઘ વિચાર કરવો જોઇએ છીએ.

કેટલીક સ્ત્રીઓ જેમણે થોડું ઘણું સ્વતંત્રપણું પ્રથમ પગથીએ ભોગવ્યું છે તેવીઓ કુટુમ્બમાં થોડુંક વસવાટ કર્યા બાદ ફક્ત નજિવા કારણોને લઇ પોતાના પતિને આડું અવળું સમજાવીને ઉશ્કેરે છે. ને કુટુમ્બથી વિખૂટા પડાવી જૂદાં રહેવાનું કરે છે. એ સ્વતંત્ર સ્વભાવમાં એક રીસ નામનો મોટો દુર્ગુણ હોવાથી તેમ બને છે. માટે સમજુ સ્ત્રીઓએ બિલકુલ રીસ નહીં કરવી. એક ઠેકાણે રીસ નહિ કરવા માટે સ્ત્રીઓને બોધદાયક કવિતા બતાવી છે, તે સર્વ બ્હેનોએ બહુ મનન કરવા યોગ્ય છે.

રીસ ન કરવા વિષે.

(વિનતી ધરજ્યો ધ્યાન સજજનો—એ રાગ.)

હૃદય ન રાખો રીસ, બ્હેની મારી હૃદય ન રાખો રીસ.
રીસ ધરે જે અંતર અબળા,
ફોકટ કૂટે શિશ. બ્હેની મારી૦ ૧

રીસ ઇર્ષ્યાથી અંધ બને છે,
દેખે નહિ દશ દિશ. બ્હેની મારી૦ ૨
રીસ થકી દુઃધ્યાન ધરાયે,
નવ સંતોષે ઇશ બ્હેની મારી૦ ૩
ધર્મ મૂકાવે કર્મ ચુકાવે,
રીસ ખરૂં છે વિષ. બ્હેની મારી૦ ૪
રીસ કરાવે કર્મ નઠારાં,
શિક્ષા દે અહનિશ. બ્હેની મારી૦ ૫
રીસથકી બહુ કષ્ટો આવે;
હૃદય બળે દિનનિશ. બ્હેની મારી૦ ૬
રીસ પડાવે નર્ક નિગોદે,
તેનું કરો નહિં મિષ. બ્હેની મારી૦ ૭
આત્મઘાત પરઘાત કરાવે,
રીસ છે ઉગ્ર અહિશ. બ્હેની મારી૦ ૮
રીસ કષાય ભયંકર જગમાં;
તજવો જાણી વિષ. બ્હેની મારી૦ ૯
જો સુંદરી સંસાર સુધારો;
ગવાશો કુંકૂમ ગુણીશ. બ્હેની મારી૦ ૧૦

સ્વામીના ઘરમા આવ્યા પછી દરેક સ્ત્રીએ ઘણી સુઘડતાથી-સાફાઇથી વર્ત્તવાની જરૂર છે એક પ્રહર જેટલી રાત્રિ બાકી હોય તેવા ટાઇમે ઉઠવુ. ઉઠીને ઇષ્ટ દેવનું સ્મરણ કરવુ. આંખો, મુખ, અને દાંત સાફ કરી પાણી ગાળવુ,

વપરાતા વાસણ માંજવા, ઘર અને આંગણામાંથી કચરો કાઢી નાંખવો. ઇત્યાદિ ઘરના વાશી કામ કરવામાં ગુંથાવુ. વળી સૂવાનાં ગાદલાં, ગોદડાં, ને ઓછાડ ઓશીકાં વિગેરે વિશેષ સ્વચ્છ રાખવા. સૂર્ય ઉગ્યા પછી ચોખ્ખાં પાણી વડે શરીરનો મેલ ઘસાઇ તેમ ચોળી મચલીને ન્હાવું, દર અઠવાડીએ અ-રીઠાં વિગેરે વસ્તુથી માથાના વાળ પણ ધોવાં. બાળક હોયતો તેને પણ ન્હવરાવવું. પછી શરીર સાફ કરી શુદ્ધ વસ્ત્ર પહેરીને દેવદર્શન કરવા જવું. ત્યાંથી આવી ઘરના પૂજ્ય-વડીલ વર્ગને નમન કરવું. તે પહેલાં હે સુન્દર કાન્તાઓ! આંખો આંજવી, માથામાં તેલ નાંખવું, સેંથો (ભાંગ) પૂરવો, કપાળમાં ચાંલ્લો, નાકમાં ફુલ યા વાળી, હાથમાં કંકણ, અને વિશેષ સંપત્તિ હોય તો કોટ-ડોકમાં કંઠી પહેરી સૈભાગ્યના પૂર્ણ ચિન્હોથી ભરપૂર બની પતિને નમન કરવું. એ ઉત્તમ માર્ગ સર્વ સ્ત્રીઓએ ચાલુજ રાખવો જોઇએ છીએ. પિયરમાં હોતી વ-ખતે ખુદ માબાપને અને ગુરૂ વર્ગને નમન કરવાની ટેવ પાડવી. એક સુંદર અને ઉપદેશવાળું ઉપયોગી ગાયનમાં પણ સારી અસર કરી છે.

સ્ત્રીઓનો ધર્મ.

(હરિગીત છંદ.)

આનંદ ભવનો રસિકતાથી, રસિક થઈને અનુભવો,
હર્યો સ્વાદ સુખ સૌભાગ્યનો, ઉત્તમ પ્રકારે અભિનવો.

કરી દૂર દૂરાચારને, અજ્ઞાનતાને પરિહરો,
શુભ ધર્મદાયક આ સુબોધક, ભામિની ભૂષણ ધરો. ૧
શ્યો ધર્મ સૌમ્ય સતીતણો, કેવું પતિવૃત પાળવું,
કયમ નારીએ નિર્મળપણાથી, નીતિ મારગ ચાલવું;
તે જ્ઞાન પુસ્તક વાંચવાથી, મેળવી આદર કરો,
શુભ ધર્મદાયક આ સુબોધક, ભામિની ભુષણ ધરો.
વેહેવાર શુદ્ધિ સાચવો, એ સર્વ ધર્મ ઉપદેશ છે,
નૈતિક સંપાદન થવાને, એજ ધર્મ અશેષ છે;
ગૌરવ વધે કયમ ગૌરીનું, એ રીત ને નિત આચરો,
શુભ ધર્મદાયક આ સુબોધક, ભામિની ભૂષણ ધરો. ૩
માતાપિતાની ભક્તિનો, ભવવાસમાં શો લ્હાવ છે,
સાસૂ અને સસરાતણી, શેવા તણો શો ભાવ છે;
વિચારીએ ગુરૂ વર્ગને, સન્માનદા મહિલા કરો,
શુભ ધર્મદાયક આ સુબોધક, ભામિની ભૂષણ ધરો. ૪
પતિ ભક્તિનો નવરંગ અંગે, સર્વદા ધારણ કરી,
અર્દ્ધાગ રૂપે કામિની, નીજ નાથ સેવા આચરી;
કાયા અને વચને કરી, પ્રાણેશ પર પ્રીતિ કરો,
શુભ ધર્મદાયક આ સુબોધક, ભામિની ભૂષણ ધરો. ૫
નિજ ધર્મપર શ્રદ્ધા કરી વાંચો, સતી જનની કથા,
આદરો શુભ જ્ઞાન ઉદ્યોગ, છોડી અન્ય વિકથા વૃથા;
આરાધના નિજ પ્રભુતણી, પ્રેમે અહર્નિશ આચરો,
શુભ ધર્મદાયક આ સુબોધક, ભામિની ભૂષણ ધરો. ૬

સૌ સન્નારીઓ આ ગુણવડે, ભૂષિત થઇ ભવ સેવજો,
જ્યાં ધર્મ નીતિતણી કથા, કહેવાય ત્યાં પ્રીતે જજો;
સત્સંગને શુભ શિળથી, ગુલાબ ગંધ અમી ઝરો,
શુભ ધર્મદાયક આ સુબોધક, ભામિની ભૂષણ ધરો. ૭

પતિ વિના સ્ત્રી શોભતી નથી, આ સંસારમાં સ્ત્રીઓને સુખના હેતુરૂપ અને સોભાગ્ય શણગાર ફક્ત એક પતિજ છે. આવું જાણી મન વચન અને કાયાથી પતિની બરદાસ્ત-ભક્તિ કરવી.

કેટલીક અજ્ઞાન-અભણ અને વ્હેમીલી સ્ત્રીઓને પોતાનો પતિ વશ કરવાના ઘણાં કોડ હોય છે. તેથી તે મંત્ર જંત્ર કે દોરા ધાગાથી વશ કરવાની ગોઠવણ વાળી બુદ્ધિ રાખે છે. પછી કોઈ બાવા અતીત જોગી કે જતી ઢોંગી અને ધુર્ત માણસો પાસે વશ કરવાના કામણ ટુમણવાળા દોરા મંત્ર કર-રાવે છે પછી ગમે તેમ બનો તેનું તેવી સ્ત્રીઓને ભાન રહેતું નથી. હે બ્હેનો ! આવા વશીકરણથી સ્પષ્ટ દુષ્ટતા જણાઈ આવે છે. કોઈ વેળા પ્રાણ ચાલ્યા જાય. પતિ લુલો કે લંગડો થાય કે આંધળો બને, કોઈવાર તેના બદલે પોતાને પણ તેવી સ્થિતી ભોગવવી પડે છે. તેમાં જો પતિને ખબર પડી ગઈ તો જીવિત પર્યંત સુધી તેવી સ્ત્રીઓને છતે ધણીએ રખડતા ઢોરના જેવો અવતાર કાઢવો પડે છે. માટે કોઈપણ સ્ત્રીએ પતિનું કે પારકું કંઇ પણ અનિષ્ટ ચિંતવવું નહિં અને પૈસાની

ખરાબી કરી ખોટા માર્ગે જવા સંબંધી પોતાની જાતને હલકી પાડવાને રસ્તો લેવો યોગ્ય નથી. હે માનવંત માનુનિઓ ! જો તમને પતિ વશ કરવાનો હર્ષ હોયતો તેનો સીધો અને સુતરો રસ્તો એવો સરસ છે કે જો તમે તે પ્રમાણે વર્ત્તશો તો ખાત્રી છે કે તમારો પતિ વશ થશે તેમાં નવાઇ નથી પણ બીજાં કુટુમ્બનાં વડીલો તમારા તરફ માન ધરાવશે.

કામ ક્રોધ ને લોભનો ત્યાગ કરી પતિને પ્રભુની માફક ગણવા, ને તેમની શેવા કરવી. પતિનું મન પ્રસન્ન રહે તેમ કરવું. પતિ ઈશારો કરે કે બોલાવે તો તુર્ત હાજર થવું, અને તે જે કામ બતાવે તે કરીને આજ્ઞા પાછી સોંપવી. પતિને ખોટું લાગે તેવું કંઈ બોલવું કે કરવું નહિ. પતિને અવિશ્વાસ ઉપજે તેવે ઠેકાણે ઊભા રહેવું નહિં, તેમ જવું પણ નહિ. કોઇ દેવ કે મનુષ્ય ગમે તેવા રૂપાળા હોય અને વસ્ત્રાલંકારથી યુક્ત હોય તોપણ તેને તરણા બરોબર ગણવો. એ ઉત્તમ કુળવાળી સ્ત્રીઓનું ભૂષણ છે. પતિ સિવાય કોઈ પણ બીજાને મન આપવુંજ નહિં. પતિ બહારથી આવ્યા હોય તો તેમને વિશ્રાંતિ મળ્યા પછી જે કાંઈ ઘર કામ સંબંધી કહેવું હોય તે કહેવું. તેમને જમાડીને જમવું. તેમના સૂતા પછી સૂવું. તેમના જોડે જે કંઇ બોલવું તે નમ્રતાથી અને મીઠી વાણીથી તેમને પોતાના ઉપર હેત ઉપજી સ્નેહ વધે તેમ વર્ત્તન કરવું, જેથી ગુણને આકર્ષાઇ સ્વયં પતિ વશ થાય છે.

આ સંસારમાં સ્ત્રી, ઘરની દેવી અને લક્ષ્મિ કહેવાય છે, તે સત્ય છે. ઘર તે ઘર નથી, પણ ગૃહણિ–ઘરની સ્ત્રી તેજ ઘર છે. સુઘડ સ્ત્રી વિનાના ઘરો વગડા જેવાં સમજવાં. જેઓના ઘરમાં કે કુળમાં જ્ઞાતા સ્ત્રીને સુખ હોતું નથી, તે ઘર કે કુળનો જલ્દી અંતઃ આવે છે. સઘળા સુખનો આધાર સ્ત્રી ઉપર છે. કુળવાન અને શાણી સ્ત્રીઓ ઘરની સ્મૃદ્ધિ, સુખ, વંશ ને કલ્યાણની વૃદ્ધિ કરનારી છે. તેથી સ્ત્રીઓનું સુરક્ષણ થવુંજ જોઇએ.

પતિએ પોતાની સ્ત્રી ઉપર સ્નેહ રાખવો. તેનું હિત જાળવવું, તેને દાસી કે ગુલામડી જેવી નહીં ગણવી. તે તો આપણી અને કુટુમ્બની જાતને સંભાળનાર ઘરની કાર્યભારી સમજવી. વળી સંસાર સમુદ્ર તરવાને હોડી સમાન અર્ધાગના છે. જેમનાં ઘરમાં સ્ત્રીઓ પૂજાય–મનાય છે. અને સ્ત્રીઓ પણ પોતાની ફરજો–ધર્મ સમજે છે તે ઘરમાં દેવતાઓ પણ આવીને કલ્લોલ કરે છે.

જે સ્ત્રી પોતે પાપથી હઠે, ને બીજાને હઠાવે એ પ્રમાણે પોતાના સ્વામી સિવાય અન્ય પુરૂષોને વર્જવા રૂપ શિયળ પાળે તે આ લોકમાં સત્કીર્ત્તિવંત બનીને શીવ મહેલના સુખ ભોગવે છે.

શિયળના પ્રભાવથી કુળવાન કામિનીઓના સર્વ મનોરથ આ ભવને વિષે સિદ્ધ થાય છે.

શિયળના પ્રભાવથી જળ ત્યાં થળ અને થળ ત્યાં જળ બનીને શિયળ મહિમા પ્રસરાય છે.

શિયળનો પ્રભાવ દિવ્ય છે. દેવતાઓ પણ શિયળવંત માણસોના દાસ તરીકે હાજર થાય છે. એક ગીત શિયળ ઉપરનું નિચે પ્રમાણે લખ્યું છે તે સર્વ સજ્જન વર્ગને મનન કરવા લાયક છે.

શિયળ પ્રભાવ.

(શુ નટવર વસંત થેઇ થેઇ નાચી રહ્યો—એ રાગ.)

સખી! શિળનો પ્રભાવ જગમં જામી રહ્યો,
જામી રહ્યો યશ જમાવી રહ્યા   સખી. ૧

સાખી—સર્વ જગ્યાએ શ્રેષ્ટ છે, શિળ તણો શણગાર;
તે શણગારે સુંદરી, સદા ધરે મન પ્યાર
શીળ અંગ ધરી બનો નવરંગ સુંદરી,
શીળનો પ્રભાવ રંગ પામી રહ્યો   સખી ૨

સાખી—શિયળવતી જ્યાં સુંદરી, તે શોભે સંસાર;
શિળ તેજ તરૂણી તણું, શિળ વિના નહિં સાર.
અંગના તણો ઉદ્ધાર શીળ સાધના થકી,
શીળ દેવ સ્વર્ગમાં વિરામી રહ્યો.   સખી. ૩

સાખી—શિળ કલ્પતરૂ જગતમાં, શિળ ધર્મનું રૂપ,
શિયળવતીને નવ નડે, ભયકારી ભવકુપ;
શિળ કેશરી તણી સુગર્જના ગુણે ભરી,
શિળસિંહ જોર માંહે જામી રહ્યો.   સખી. ૪

સાખી—શિળ ધરી સૌ સુંદરી, સફળ કરો અવતાર,
સત્ય સતીપદ પામીને, મેળવો મ્હેલ શિવનાર.

શિળ સદ્ગુણે સતિ શિળેશ્વરી બને,
કુંકૂમ રંગ સુ મોક્ષ ધામી કહ્યો. સખી. ૫

ખરૂં જોતાં જગતનાં જીવોને દુઃખકર્ત્તા સ્ત્રી વર્ગ છે. કેમકે જેટલો જેટલો શણગાર, તેટલો તેટલો મોહ ઉભો થવાનું બને છે તેમના અવયવો. તેમની ચાલ, અને નજરમાં પણ મોહ છે ટુંકામાં મોહનું ઘરજ સ્ત્રી છે એટલે તે મોહનીરૂપ હોવાથી મોહિની કહેવાય છે માટે પોતાના શિયળ રક્ષણ સબંધી અને પરના હિતાર્થે સ્વચ્છ અને સાદો, (સુદર અને શોભે તેવો) શરીરના અવયવ નહિ દેખાય તેવો ઉમદા પોશાક પહેરવો.

સ્ત્રીઓએ પ્રથમથીજ સારી કેળવણી મેળવી હોય તો પ્રાયઃ પોતાનેજ સુખ મેળવામાં તૈયાર રહે છે. તેમાં પતિની ઈચ્છાનુસાર ચાલનારી સ્ત્રી મોટું સુખ પામે છે

હવે સાસૂ વહુના સંબંધમાં યત્કિંચિત બોલીને સમાપ્ત કરીશુ. જ્યાં સાસૂ વહુ વચ્ચે પવિત્ર પ્રેમ નથી, અને કજિયા-કુલેશ થયા કરે છે, ને એક બીજાને જોઈ આંખો લાલ કરે છે, ત્યા કોઈ પણ પ્રકારનું સુખ હોતું નથી પણ ઉલટું ઈર્ષાવાળુ કુસંપી ઘર બની જાય છે. અને એક બીજા પારકે ઘેર જઇ એક બીજાની નિંદા કરીને એક બીજાને વગોવે છે. પણ તેમાં પોતાનું આખું ઘર અને પોતે પોતાની જાંગ ઉઘાડી કરતાં શીખી પોતે વગોવાય છે. તે બેઉમાંથી કોઇને જ્ઞાનના અભાવે સમજણ આવતી નથી. માટે પ્રથમ સાસૂએ પુત્ર વહુ ઉપર પવિત્ર અને પુત્રીવત્ પ્રેમ રાખવો જોઇએ છીએ, અને પ્રમાણ

વચન વડે બોલાવવી, જેથી વહુને સારી અસર થશે. ને તે અસરથી પોતાના કારભારમાં સુધરીને સાસૂનું માન જાળવશે. પોતાનું મોટાઇપણું જાળવવું તે ખાસ પોતાના હાથમાં છે. જગતમાં મોટા શરીરવાળા અને મોટી દોલતવાળા મોટા કહેવાતા નથી પણ બુદ્ધિશાળી અને ન્યાય નીતિને માર્ગે ચાલનારાજ મોટા કહેવાય છે અને તેઓનાજ માન સચવાતા રહ્યાં છે ને રહેશે.

વળી કેળવાએલી સ્ત્રીઓથી જેટલા ફાયદા છે તેમાં જે કરકસર નામા ગુણનો ફાયદો થાય છે. તેજ મોટો નફો ઘર વ્યવહારમાં છે. જે સ્ત્રી પરચુરણ થતા ઘરખર્ચમાં તેમજ થતાં ખર્ચમાં એવું ધ્યાન આપે કે જે વસ્તુ જરા જરા ઓછી વાપરવાથી કંઈ નુકશાન નથી, અને ધુળને ધાન્ય કરવાની ટેવ રાખે તો તે કાન્તા સર્વ સુખ પામે છે.

વળી કરકસરથી બચવા પામીને વધેલી લક્ષ્મિથી ગૃહ વૈભવમાં વિલાસ કરતા રહી વિધવિધ પ્રકારની મનગમતી મોજ મેળવી શકાય છે. ઉપરાંત કોમમાં કે દેશમાં તેવી સ્ત્રીઓના યશોગાન ગવાય છે અને પતિપણ આધિનજ તેવી સ્ત્રીઓનેજ થાય છે. દરેક લાભને આપનાર વસ્તુમાં કરકસર કરીને ઘરખર્ચમાં બચાવ કરનારી સ્ત્રી કુળદીપિકા કહેવાય છે.

જે સ્ત્રીઓમાં કરકસરનો ગુણ હોતો નથી, તેવી સ્ત્રીઓ પ્રથમ તો ધાન્યને ધુળ કરી નાંખીને મહાન નુકશાન પહોચાડે છે, જેથી ઘરનો ખર્ચ વધી પડે છે, અને પંદર દિવસ

ચાલે તેને પાંચ દિવસમાં પૂર્ણ કરે તેવી સ્ત્રીઓથી પતિને ઘણું ખમવું પડે છે. ઉડાઉ અને અજ્ઞાન સ્ત્રીઓથી ઘરની લાજ ગુમાવાય છે, ને પોતાનો સંસાર દુઃખમય કરે છે. માટે કરકસર શીખીને પતિને ભાગીદાર થઈ નાના પ્રકારનાં સુખ મેળવી સદાચરણમાં ચાલી દીન દુઃખી ને નિરાશ્રિતો, તેમજ ધર્મકાર્યમાં શક્ત્યાનુસાર ઉપાર્જન કરેલ દ્રવ્યનો વ્યય કરી પૂર્વની સતી સ્ત્રીઓની પેઠે ભવિષ્યના માટે પોતાનું પણ નામ પ્રાતઃસ્મરણિય બને તેમ કરવું. ૐ. શાંતિ.

હવે સ્ત્રીઓએ સાંસારિક રિવાજોનું પણ અનુભવવું જોઇએ છીએ. તેમાં ખોટી અને હાનિકારક રીતોને ત્યજી દેવી જોઇએ છીએ, અને તે ત્યજતાં વિલંબ થાય તો ધીમે ધીમે ઓછી કરવાનું લક્ષ ખેંચવું. આપણા દેશમાં મરણ પછવાડે રડવા કૂટવાનો જે રિવાજ છે તે નાપસંદગી ભર્યો અને લાજ વગરનો છે. તેમાં જાહેર રસ્તા ઉપર છાતી ઉઘાડી મૂકીને જે બૈરાં એકઠા મળીને મરણ પાછળ કૂટે છે, તેમાં જો રડતા કૂટતાં ના આવડે તો પણ વગોણું થાય છે. પણ તે ખોટા રિવાજથી ફોકટના કર્મ બંધાય છે. એ તો ઠીક પણ શારીરિક સુખને મોટું નુકશાન પહોંચે છે. જો ભણીને સારૂ જ્ઞાન મેળવ્યું હોય તો તેવા રિવાજોને સૂધારી શકે છે.

સ્ત્રીઓએ પ્રાપ્ત કરેલી પદ્ધીઓની ફરજ બજાવવાને બનતું કરવું. જન્મીને સ્વ પરને સુખ થાય એવાં કાર્ય નહિ કર્યા તો તે નહિં જનમ્યા બરાબર છે.

વળી સ્ત્રીઓએ પોતાનાં બાળકોને સારાં સારાં ઘરેણાં લુગડાં પહેરાવી કમરે યા આંગળીએ વળગાડી ફેરવવામાં સાર્થક માનવાનું નથી. પણ તેની યોગ્ય સંભાળ લઈ સારા સંસ્કાર નાંખવાની જરૂર છે.

જ્યાંસૂધી પુત્રીઓ સ્વતંત્ર છે ત્યાંસૂધી દરેક કાર્યોમાં તેને વડીલની આજ્ઞા અનુસાર વર્તન કરવું પડે છે. માટે તેવા સમયમાં જેવાં બીજ રોપીએ, તેવાંજ વૃક્ષ ઉગી નીકળે માટેજ કયા ગુણોને ગ્રહણ કરવાં અને કયા દુર્ગુણો છોડવાં તેજ પ્રથમ જોવાનું છે. ગુણ દોષને પીછાન્યા વગર તેમા પ્રવૃત્તિ થતી નથી.

પૂર્વ કાળની સ્ત્રીઓ યોગ્ય સમયે યોગ્ય સંસ્કાર પોતાની પ્રજાને આપતી હતી તેથી તે પ્રજા પોતાના ધર્મ કર્મના પાલનમા સારી રીતે વિજયવંત નીવડતા હતા. માટે અમૂલ્ય પ્રજારૂપી દોલત બરાબર કાળજી પૂર્વક સાચવવી

કેટલાક શ્રીમંત માબાપો પોતાની પ્રજાને પોતાની જાતથી ઉછેરવાને કષ્ટ સમજે છે. તેથી નોકરો રાખી બાલકો મોટાં કરાવે છે. તેથી તેની ટાઇમે ટાઇમે યોગ્ય સંભાળ ખાવા પીવા વિગેરેમાં નહિં લેતાં નીમેલે વખતે બહાર ફેરવવામાંજ કાળજીવંત છે.

હલકા વર્ણના માણસોના સંગમાં રાખવાથી તે બાળકો પ્રાયઃ તેના જેવાંજ આચરણ શીખેછે. તે રીતભાત પણ તેવીજ આદરે છે. આ બિના ઘણી અફસોસકારક છે.

શ્રીમંતોને ત્યાં બાળકોની આ અવસ્થા વિત્યાબાદ માતાની પાસે રહેવાનું થવાથી માતાના આચરણ પ્રાપ્ત થાય છે. ઘરની અંદર માતાને જે કર્ત્તવ્ય (વાણી વિગેરેનું) કરતાં દેખે તેવુંજ તે શીખે છે. માટે માતાએ બાળકને દેખતાં ખરાબ વચન નહીં બોલવાં એ વિશેષ ધ્યાન આપવું યોગ્ય લેખાશે.

શાર્દૂલ વિક્રિડિત વૃત.

જ્યાં સંસાર સુધારણા તણી કૃતિ સદ્ધર્મ સાથે બને.
જ્યા છે સાક્ષર સુંદરી ગૃહ વિષે સાનંદ વિદ્યાધને.
જ્યા પતિવૃત સુધારશો રસિક થઇ શોભેજ સત્કર્મથી;
નિત્યે નારી કુટુંબ તે જય ધરે નૈતિક તણા ધર્મથી.

વળી સ્ત્રીઓએ પોતાને એક વાત બહુ યાદ રાખવા યોગ્ય છે તે એ કે ઘરની કંઇપણ ગુપ્ત–છાની વાત કોઇને કહેવી નહીં. ઘણી સ્ત્રીઓને એવી કુટેવ પડેલી હોય છે, કે પોતાના ઘરની વાતો અને બીજાના માટેની ઘરમાં થયેલી વાતોને ઘેર ઘેર ફરી વળીને કરવાની ટેવ હોય છે. ઘરની અડચણો, ઘરની મુંઝવણો, ને કુટુંબ પ્રત્યેના સંપનો અભાવ વિગેરે નાની કે મોટી વાતોને પવિત્ર ગણી તેને બિલકૂલ બહાર પાડવી નહિં. એ ગુણવંત સ્ત્રીઓએ ધ્યાનમાં રાખવું.

ઘરમાં હિયર દેરાણી હોય તેમના ઉપર અદેખાઈ ધારણ કરવી નહિં. અને નોકર ઉપર માતાવત્ સ્નેહ રાખવો.

સસરાના કે પિતાના ઘરનો લક્ષ્મિ સંબંધીનો વૈભવ જોઇ

અભિમાન લાવવો નહિં, તેમજ ફૂલાઇ જવું નહિં, તેમજ તંગી જોઇને અકળાવું-મુંઝાવું નહિં.

હે સુગુણી! શાંતિને ધારણ કરવાને રીસાવું નહીં, અને લાજ મર્યાદા વડીલોની લોપવી નહિં. હઠ ધરવો નહિં અને છાનું માનું ચોરીને ખાવું પણ નહિં.

છેલ્લે જણાવવું ઉચીત છે કે આ દુનિયામાં તમો સર્વે ઉપર સર્વત્ર રીતે પ્રસન્ન રહેશો તો તમારા ઉપર પણ દુનિયાના લોકો પ્રસન્ન રહેશે. મીઠાશનો બદલો મીઠાશથી અને કડવાશનો બદલો કડવાશ ભરેલો મળે છે. માટે કોઇને કડવાં વચન કહેવાં નહિં. તેમ કડવાશ ઉપજાવવી નહિં એ સારી રીતે ધ્યાનમાં રાખવું.

બ્હેનો! શારીરિક સુખને માટે રાધેલી રસોઇ સંબંધી વિચાર કરવો. તે એકે રાંધેલું અન્ન જલ્દી બગડવા પામે છે અને નરમ પદાર્થોમાં બહુજ ફેરફાર થઇ જાય છે. માટે વાશી અન્ન ખાવું-ખવરાવવું નહિ. જે અન્નના ભરેલા વાસણ હોય તેને જરાવાર પણ ઉઘાડા રાખવા નહિં. એટલે ઢાંકી રાખવા. કેમકે માખી, પતંગિયા વિગેરે જંતુઓ પોતાના શરીર વડે વિવિધ પ્રકારની ગંદકી લાવીને ખાવાની વસ્તુમાં મૂકી જાય. પછી જો તે ખાવામાં આવે તો નાના પ્રકારના રોગ પણ થાય. અને તેથીજ શારીરિક સ્થિતિ બગડે. માટે દરેકે શરીરની તંદુરસ્તી માટે બહુ લક્ષમાં રાખવું.

કુટુંબ અને દેશની શોભા સ્ત્રીઓના સદાચારથીજ છે, અને કુટુંબની તરૂણી-તરણી એટલે તારનાર છે.

ઉપર મુજબ જે કામિનીઓ પોતાના કામને જાણે નહીં એટલે પોતાની ફરજ સમજે નહિં તે કામિની બિલકૂલ દુનિયાદારીને કામની નથી. તે ઉપર એક નિચે મુજબ કવિતા છે.

(જાય છે જાય છે જાય છે,રે આ ભણ્યાનો વખત વહી જાય છે-એ રાગ.)

કામનિ કામનિ કામનીરે, આ સૂણો શીખામણ ભામિની.
કામની વાત જે કામનિ ન જાણે, તે કામનિ શા કામનીરે. આ.
પીયર સાસરીએ પ્રીયકર થાવું, મમતા તજી ધનધાન્યનીરે. આ.
દુર્ગણથી રહી દૂર નિરંતર, દરકાર ન કરશો દામનીરે. આ.
પતિ ભક્તિમાં પ્રાણ પરોવી, જોતાં દિવસ કે જામનીરે. આ.
નિંદા કરે ઘરની તે નગુણી, શાંતિ ન પામે નામનીરે. આ.
ક્રોધ લોભ તજી રાજીમાં રહેવું, પ્રીત ધરો પ્રભુના નામનીરે. આ.

ઉપદેશ પદ.

(રાગ-બરવા-પિલુ)

વિદ્યા ભણીને વંઠી ન જઇએ;
સઘળી વાતોમાં વિવેકીજ થઇએ વિદ્યા.
મેણાનું વેણ કોને નવ કહીએ,
કંકાસથી વળી દૂરજ રહીએ. વિદ્યા.
મૂકી મગરૂરી સાલસાઈ ધરીએ.
સંતોષે સુખ પણ ઉદ્યોગજ કરીએ વિદ્યા.

સૌભાગ્યનો અલંકાર.

કુંકુમ તિલક.

ભાગ ૨ જો.

૧. હે બ્હેનો ! કંકૂનો ચાંલ્લો-તિલક કપાળમાં કર્યાથી સ્ત્રીઓનું સૌભાગ્યપણું સાબિત થાય છે. માટે દરેક કુળવંતી સૌભાગ્યવંત સ્ત્રીએ પ્રાતઃકાળમાં સ્નાન કરી શુદ્ધ વસ્ત્ર પહેરી તિલક કરવું.

૨. સ્ત્રી ધર્મ માટે પતિવૃત સમાન કોઈ બીજો ઉત્કૃષ્ટ ધર્મ નથી, ને શિયળ જેવું સ્ત્રીને બીજું કોઇ આભૂષણ નથી.

૩. પરમ કાંતિવાન અને છેલ છબીલા પુરૂષોને દેખી મોહાંધ બનવું નહિ, તેમ પરપુરૂષને દેખીને હસવું નહિ, તેમ એકાંતમા બેસીને લોક વિરૂદ્ધ વર્ત્તન કરવું નહિ.

૪. જો સ્ત્રીઓ પતિ સાથે સંપ સલાહથી ચાલે તો સંસારને સ્વર્ગ કરતાં અધિક સુખવાળું સમજવું.

૫. દરેક બહેને ઘરકામથી પરવારીને નવરાં નહિ બેસતાં સતીઓના ઉત્તમ ચરિત્રો વાંચવાનો લાભ લેવો.

૬. જ્યાં ભક્તિ છે ત્યાં પરમેશ્વર હમેશાં હે શાણી ! વસી રહ્યા છે. માટે પ્રભુ ભક્તિ, પતિ ભક્તિ, અને જંગમ તિર્થની ભક્તિ કરવી.

૭. વળી કોઇના સામે ખીજવવાને ખાતર ખોટો દેખાવ

કરવો નહિં, તેમ ઉંચે સ્વરે કોઈના સામું બોલવું પણ ઈષ્ટ નથી.

૮. કંઇપણ ગુન્હા ભરેલું કામ થયું હોય તો તે છૂપું નહીં રાખતાં પોતાના પતિને અગર વડીલને જણાવી આપવું.

૯. પિયર અને સાસરીઆમાં સમતા અને બુદ્ધિવાળા સ્વભાવથી માનીતા થઈ દરેક સ્ત્રીઓએ જશ લેવો.

૧૦. ઘરની આવકના પ્રમાણમાં ખર્ચ રાખવો, એટલે કરકસર કરતા શીખીને થોડું થોડું દ્રવ્ય વધારવું.

૧૧. "આ સુવર્ણના અક્ષરો હૃદયપટ ઉપર કોતરજો." હમેશા અકેક પાઇ જો થતા ખર્ચમાંથી બચાવાય તો બાર માસે બે રૂપિઆ થાય. પછી પૈસો પૈસાને વધારે છે.

૧૨. મનની શાંતિ વિના શરીરને ખરૂં આરોગ્ય મળતું નથી. આરોગ્યપણું ઔષધ અને સ્વચ્છ અને તાજું ખાવા પીવાથી જે મળે છે. તેના કરતાં ચોખ્ખાં હવા પાણી અને અજવાળામાં રહેવાથી મળે છે. ને સૌથી વિશેષ તો શાંતિ ધારણ કરવાથીજ આરોગ્યપણું વધે છે.

૧૩. અદેખાઈ-ઈર્ષા એ વગર અગ્નિએ અગ્નિ છે. તેથી શરીર બળીને સુકાતું જાય છે. માટે કોઈપણ બ્હેને અદેખાઇ કરવી નહિં

૧૪. વળી હે ગુણી બ્હેન ! સંત પુરૂષોના મુખથી ધર્મ શ્રવણ કરવું. ને માન મૂકી દઇ તેમના ઉપદેશમાંથી જ્ઞાન ગુણ ગ્રહણ કરવો.

૧૫. લક્ષ્મિને ચપળ જાણીને ગરિબોની સંભાળ લઇ તે ઉપર દયા ભાવ વડે ઉચીત શક્તિ અનુસાર દાન દેવાની ટેવ પાડવી.

૧૬. ઉદ્યમ કરવાથી દાળિદ્ર દૂર રહે છે. માટે બીલકુલ નવરા બેસી નહિં રહેતાં ઉપયોગી અને હિતદાયક કામમાં ગુંથાવું.

૧૭. સ્ત્રીઓએ સમુદ્રના જેવી ગંભિરતા રાખવી. મેરૂ પર્વતના જેવી ધૈર્યતા ધારણ કરવી, અને ચંદ્રમાની પેઠે શીતલ મન રાખવાની ટેવ પાડવી.

૧૮. સંગત તેવી અસર થાય માટે સદાચરણથી ચાલવાવાળાની સોબત રાખવી. પાડોશ પણ સારો અને કુલીન કુટુંબોનો હોય તો બાજુમાં રહેવું ઉત્તમ છે.

૧૯. કંઇપણ વસ્તુના રૂપ રંગને જોઇને ગ્રહણ કરવા, તેના કરતાં તેના ગુણને જોઇ ગ્રહણ કરવાથી બહુ લાભ છે.

૨૦ જે કાંઇ શુભ કાર્યો કરવાં તે લોક દેખાવો કરવા કે વાહવાહ કહેવરાવવાને બિલકુલ કરવા નહિં પણ આત્માના અર્થે જાણીને કરવાં. જેથી ઊત્તરોત્તર ફલદાયક સમજવું.

૨૧. સ્ત્રીઓએ કરવા યોગ્ય કામો આદરપૂર્વક કાળજી ગાળીને કરવાં.

૨૨. સ્ત્રીઓ પોતાના પતીની શેવાથી જેવી શુદ્ધ થાય છે, તેવી દાનથી કે ઉપવાસ કર્યાથી શુદ્ધ થતી નથી.

૨૩. સ્ત્રીઓએ કોઇપણ રીતે સ્વતંત્ર રહેવું નહિં. સ્વતંત્ર રહેવાથી કોઇ વખત દુષણ આવી જવાનો સંભવ રહે.

૨૪. ખાસ કારણ વિના પરાયે ઘેર જવાની કુટેવ દરેક સ્ત્રીએ છોડવી. કારણે જવું તોપણ સાથે પુત્ર પુત્રી કે એક વિશ્વાસુ માણસ સાથે રાખવું.

૨૫. ભરત ભરવાનું, કે શીવણ ગુંથણનું કામ કરીને પૈસા મેળવવા એ સ્ત્રી ગુજરાન માટે ખાસ ઉદ્યમ છે.

૨૬. સદાચરણવાળી સ્ત્રીઓ ઘરમાં દિપકરૂપ અને સત્કાર કરવા યોગ્ય છે.

૨૭. દરેકની સાથે ચોખ્ખાં હૃદયથી અને સ્પષ્ટ વાણીથી બોલવું, અને જીભ આપણા હૃદયને છેતરી ન જાય તેની સંભાળ રાખવી.

૨૮. માનસિક શક્તિના વિકાસનો આધાર બ્રહ્મચર્ય એટલે શિયળ ઉપર છે. માટે આચાર અને વાણી પવિત્ર રાખવાં.

૨૯. વાસના અને ઇચ્છાઓ ઉપર અંકુશ રાખવો. તેના ગુલામ નહિં થતાં તેના ઉપર કબજો મેળવવો.

૩૦ પૂરેપૂરી ખાત્રી કર્યા સિવાય કોઈ ઉપર સંપૂર્ણપણે ભરૂસો કરવો નહીં. જો તેમ થશે તો કોઇ વખત છેતરાઇ જવાનો દિવસ આવશે. માટે પ્રથમ તપાસ કરવાને કસોટી કરવી.

૩૧. કામ સિદ્ધ–પૂર્ણ કરવું હોય તો ઉત્સાહ અને શક્તિ સાથે રાખીને કરવું. શક્તિને અયોગ્ય રીતે કામમાં લેવાથી કાર્ય બગડે છે.

૩૨. કોઇએ ઉપકાર કર્યો હોય તો તેની યાદ રાખી સામા માણુસને કંઇક પણ બદલો મળે તેવો સમય તપાસતા રહેવું.

૩૩. ઉમ્મરભર સૂધી ઉચા અને મહાન્ આશય ધારણ કરવાં. અધમ અને નિર્બળ વિચારોથી જીવન બગડે છે. કહ્યું છે કે જેવાં વિચાર કરશો તેવુંજ જીવન થશે.

૩૪. મજબૂત સ્થંભથી જેમ મ્હેલ સ્થિર છે. તેમ શિયળ રૂપ સ્થંભથી શરીર અને આત્માની મજબૂતિ બની રહે છે.

૩૫. જેમ તિર્થ શેવામાં રસીક્તા, દેવગુરૂ ભક્તિમાં શુભ નિષ્ટા, સ્વધર્મમાં શ્રદ્ધા રાખવી, તેમ સંસારીક વ્યવહારમાં કુશળતા રાખવી.

૩૬. સંસાર સંબંધી સુખોને દુઃખરૂપ ગણીને અને મોક્ષના સુખનેજ ખરૂં સુખ ગણજો.

૩૭. ભણુવાથી અભણપણું દૂર થાય છે. ને વિનય વિવેકાદિ ગુણોનો સુધારો થાય છે. અને ઉચ્ચું જ્ઞાન પ્રાપ્ત થતાં સર્વ જાતનાં સંકટ ટળે છે.

૩૮. દિવસો આનંદમાં ગુજારવા હોય તો સારા માર્ગે ચાલવું. સ્ત્રીનો અવતાર નિજ સંસારના ભલા તરફ દોરાયાથી સફળ ગણાય છે.

૩૯. પતિના હૃદયનું હાર્દ જાણીને પ્રેમ પૂર્વક તેમની આજ્ઞા પ્રમાણે ચાલનાર સ્ત્રી સુખની ભોક્તા બને છે.

૪૦. પતિ સાથે છળ કપટની યુક્તિઓ છાંડી પતિ ભક્તિ કરે તેજ સ્ત્રી મુક્તિ મેળવે છે.

૪૧. સ્ત્રીઓના મુખનું નૂર મદ મત્સરને દૂર રાખવાથી વધે છે.

૪૨. જીવન સુધારવાને ધર્મ વ્યવહારિક ઉચ્ચ જ્ઞાનવાળા નિત્ય નિયમ પ્રમાણે વર્ત્તન કરવું.

૪૩. અધમ મોહનું મૂળ ટાળવાને અને અંતર ચક્ષુ ખોલવાને પ્રેમવાળી ઇશ્વર ભક્તિ સામર્થ્ય બને છે.

૪૪. સેહેવાય તેમ કહેવાય નહિં તો પરપ્રત્યે કરેલ કામકાજ ધોવાય જાય.

૪૫. ભક્તિની યુક્તિ જાણવાને અંગમાંથી આળસ તજવું.

૪૬. પતિને આનંદ ઉપજાવવાને અને સંબંધીઓનો સ્નેહ મેળવવાને શાણી સ્ત્રીઓએ પ્રયાસ કર્યા કરવો.

૪૭. સ્વચ્છતાથી સાચવટથી વર્ત્તનાર સ્ત્રી સારી છે. અને ભૂલો કરીને માફ માગે નહિં તે નઠારી સ્ત્રી જાણવી. સારી સ્ત્રી સજ્જનોને માનપાન આપે ત્યારે નઠારી સ્ત્રી અપમાનને પ્રાપ્ત થાય છે.

૪૮. બુદ્ધિશાળી બ્હેનો ઘર અંદરની ચીજો એવે નિયમિત સ્થાને મૂકે છે કે તે ઝટદઇને હાથ આવે છે. ત્યારે કુવડના ઘરમાં ફાંફાં મારવા પડે છે.

૪૯. ડહાપણપણે ત્રણ દદાને (દયા, દાન, દીનતા.) ઉદાર ચિત્તથી વિચારનાર સ્ત્રી ખંતથી શિયળ પાળે અને સાચવે છે.

૫૦. શિયળવંતી અને પતિવૃતા સ્ત્રીઓ ગંગાજળ સમ નિર્મળ, અને કમળ સરખી કોમળ હોય છે.

૫૧. શિયળવંતીને સર્પ હોય તે ફૂલમાળ થઇ જાય છે. અને અગ્નિ હોય તે શીતરૂપ બને છે.

૫૨. સુલક્ષણી નારી, દ્વેષ ક્લેશને નિવારી, સજ્જનતા ધારણ કરી, જગતનું કલ્યાણ ઇચ્છનારી હોય છે.

૫૩. રોષ કરે તે રામા નહિં, માન ધરે તે માનનિ નહિં, પ્રેમ વિનાની તે પ્રેમદા નહિં, કામ વશ કરે નહિં તે કામનિ નહિં, વમેલું ઇચ્છે તે વામા નહિં.

૫૪. બાળપણમાં શીખ્યું-ભણ્યું વહેલું આવડે છે મોટ-પણમાં ભણતાં ઘણો શરમવાળો શ્રમ પડે છે.

૫૫. પીયરમાં રહીને જે સ્ત્રી ભણીને સારી કેળવણી ન પામી હોય તો તે સાસરીઆમાં ભારે પડે છે. માટે જ્ઞાનનો ઉદ્યમ કરવો સારો છે.

૫૬. સુશિક્ષિત થયેલી સ્ત્રી પોતાનું ઘર તરતું રાખે છે. ને તેનાં રૂડાં ફળ ચાખે છે.

૫૭. કુળવંતી નારી સુધારાના ઘરની બારી જાણવી; માટે ભણેલી સુશીલ નારીની બલિહારી સમજવી.

૫૮. સુંદરીની સુંદરતાનો ગંભીર હેતુ નીતિની ટેક રાખી, શુભ પંથે વર્ત્તવાનો છે.

૫૯. સાગરમાં સાકર નાંખ્યાથી ગળપણ આવે નહિં, તેમ મલિન મનથી મુક્તિ સુખ મળે નહિં.

૬૦. ખટપટ મૂકી ખરા ખોટાનો વિચાર કરવો. એટલે ઝઘડા સમયે જતી લાજને રાખનારી સ્ત્રી, ધણીના ઘરનું સાચું જવેરાત જાણવું.

૬૧. ડગલા-પગલાની નીચે મરવું છે માટે ડગલે ડગલે ડરતા રહેવું.

૬૨. દુનિયાના દર્દ નિવારનાર દમડો (પૈસો) દેવ છે. માટે હે ગુણી ! કરકસર કરવાનો વેપાર-ઉદ્યમ શીખવો.

૬૩. આયુષ્ય ખૂટી જવા આવશે ત્યારે પસ્તાવો ઘણો થશે. માટે ફોકટ નહિં ફુલાતા ફરજ અદા કરવી.

૬૪. ભલાઇ કરવાને જેઓ ભુલી જાય છે તેઓ એક મોટી કમાઈ ખોઈ બેસે છે માટે હે બ્હેનો ! આ અવનિમાં ઉજ્જવળ યશ જમાવવાને લક્ષ ખેંચવું.

૬૫. જેમાં મહત્વ છે તેનું સાચું તત્વ શોધવાને સંસારની મોહકતાનો ત્યાગ કરવો.

૬૬. ઉંચ કુળમાં જન્મ, પંચેંદ્રિપૂર્ણવાળું શરીર, સૌભાગ્ય, આયુષ્ય, બળ, સુજશ, વિદ્યા, અને લક્ષ્મિ. એ આઠ વસ્તુ ધર્મને યોગે કરીને પમાય છે. માટે દરેક સ્ત્રીએ પોતાના ધર્મનું ભલી રીતે સેવન કરવું.

૬૭. સતીઓના ચરિત્રોનું વાંચન મનન કર્યાથી વાંચનારાનું ચૈતન્ય સતેજ થાય છે માટે હિતકારક પુસ્તકો વાંચવા.

૬૮. હે બ્હેનો ! સુશીલની સોબત ઉન્નતિની આશાને જીવન આપે છે. તેમજ હિંમ્મત અને શ્રદ્ધા આપે છે. એટલુંજ નહિં પણ કાર્યસિદ્ધિમાં પ્રવર્ત્તાવે છે.

૬૯. વિવેક ભરેલા વચનોએ આદર સત્કાર થતો જોઇ પરોણો ખુશી થાય છે.

૭૦. આજે જે પુણ્ય કરીએ તેનું સહસ્રગણું ફળ થાય છે. અને પર્વ દિવસોમાં પુણ્ય કરીએ તો અનંતગણું ફળ

પમાય છે. માટે દરેક સ્ત્રીએ પોતાના ધર્મપર્વના દિવસે વધારે પુન્યનું કામ કરવું.

૭૧. કુલીન સ્ત્રીઓ પરપુરૂષનો સંગમ તો ન કરે, પણ તેના જોડે અનીતિવાળી વાત સરખી પણ કરે નહિં.

૭૨. શિયળવૃત મોટા ઘોર ભયંકર અરણ્યમાંથી નિસ્તારે છે, અને કેળવણી રૂપ કલ્પલતાથી આલોક અને પરલોકમાં સુખી થવાય છે.

૭૩. પિતૃગૃહમાં લીધેલી કેળવણીનો ઉપયોગ પતિગૃહમાં થાય છે, અને તેના સુખનો સ્વાદ પ્રજાગૃહમાં અનુભવાય છે.

૭૪. દરેક સ્ત્રીએ શીલ ધર્મનો પ્રભાવ બતાવવા સતી ધર્મ પ્રગટ કરવો.

૭૫. દુનિયાના સર્વ ચમત્કારો શિયળરૂપ સૂર્યમાંથી કિરણોની જેમ પ્રગટ થાય છે. માટે શિયળ અદ્ભુત મંત્રૌષધી છે. કે જેનાથી દરેક જાતના ઉપસર્ગો નષ્ઠ પામી જાય છે.

૭૬. જ્ઞાન એ વસ્તુ જગતમાં દિવ્ય છે. એ દિવ્ય પદાર્થના પ્રભાવથી અજ્ઞાન–અંધકાર દૂર હોઇને સત્ય, શિયળ, દયા, દાન, ને ક્ષમાદિ ગુણો મળી શકેછે, માટે પ્રથમજ ઉચ્ચતર જ્ઞાન મેળવવાને પ્રયત્ન કરવો.

૭૭. જ્ઞાન–કેળવણી પ્રાપ્ત કરેલ કાન્તા ઉન્માર્ગે જતી નથી, પણ ઉન્માર્ગે ચાલનારીને સન્માર્ગે દોરે છે.

૭૮. મળમૂત્રથી ભરેલું શરીર શિયળરૂપ ઉજ્વળ જળથી ધોઈ કર્મરૂપી મળમુત્રને ત્યજી નિર્મળ કરવું.

૭૯. જે સ્ત્રી પોતે પાપથી નિવર્ત્તે, અને બીજાને નિવર્ત્તાવે તેને શાસ્ત્રકારોએ શિયળ ધર્મ અગ્રેસરી કહી છે.

૮૦. વરસાદ વરસવાથી લતાના અંકૂરો ઉત્પન્ન થાય છે. તેમ શિયલવૃતના પ્રભાવથી નવેનિધ અને અષ્ટમા સિદ્ધિ પમાય છે.

૮૧. જેઓ મહાસતીઓ રેવતી, કુંતી, સુભદ્રા વિગેરે આ સૃષ્ટિમાં પોતાનું સૌંદર્ય વડે પ્રકાશી જઈ નામને અમર કર્યું, તે આપણા જેવીજ સ્રીઓ હતી. માટે ભવિષ્યની પ્રજા સન્મુખ આપણું નામ અમર રહે તેવો અભ્યાસ કરવો.

૮૨. સાચા અને ભગીરથ પ્રયત્ન સિવાય તમારામાં શિયલ વિગેરે શણગારના ગુણો આવવાનો વિચાર કરવો નહિં, માટે પ્રથમ પગથીએ મનમાંથી હલકા વિચારોને દુર કરવા.

૮૩. સર્વ જીવના દુઃખની દાઝ જાણીને તેના ઉપર દયા લાવવી.

૮૪. શિયળ ભંગ ન થાય તેવો એક પણ વિચાર આખા દિવસની એક પળમાં પણ કરવો કે ઉદ્ભવવો નહિં.

૮૫. જે સ્રી પોતેજ તરતા (ભણુતા) શીખી નથી તો તે બીજાને કે પોતાની પ્રજાને શી રીતે તારી શકે ? (ભણાવી શકે ?) માટે સરસ્વતીનું આરાધન તેનાં જેવા થવા માટે કરવું.

૮૬. શુભ વિચારોની શ્રેણી સાથે મનને વશ કરવા સારૂ આર્ય મહિલાઓએ ગુણદ્દષ્ટી રાખવી, અલ્પનિદ્રા કરવી, મિતાહારી થવું. નિયમિત ટાઇમે નિયમ પ્રમાણે ગોઠવાયેલું કામ કરવું સુખદાતા છે.

૮૭. જેમ જેમ સારી સોબત, તેમ તેમ સારા સારા ગુણોના વિચાર થયા કરેછે. અને જેમ જેમ સારા વિચાંર ઉદ્ભવે તેમ તેમ શીઘ્ર ગુણનો વાસ થાય છે.

૮૮. જેમ નાક વગરનું મો અપ્રીય લાગે છે. તેમ શિયલ વગરની સ્ત્રી સર્વત્ર અપ્રીય લાગે છે.

૮૯. ભણેલી સ્ત્રીઓમાં શિયલગુણ ન હોય તે જગતમાં નિંદાપાત્ર બને છે, ને પોતાના ભણતર ઉપર ધુળ ફેરવે છે. માટે ભણેલી કે અભણ સર્વ સ્ત્રીઓનું પરમ ભૂષણ શીલ છે.

૯૦. કેળવણી પામેલી સ્ત્રીઓ, અભણ સ્ત્રીઓની માફક પોતાના પતિને પજવતી નથી. પણ પતિને સુખ મળે તેમ વર્ત્તશે.

૯૧. પરનિંદા કરવાની ટેવથી જૂઠું બોલવાની ટેવ પડે છે. માટે સમજુ સ્ત્રીઓએ પારકી નિંદા કરવાની ટેવ રાખવી નહિં.

૯૨. જે સ્ત્રીઓ પોતાની સાસુને જંપીને બેસવાને આપે છે. તેનેજ (તે સાસુ થશે ત્યારે) તેની વહુઓ જંપીને બેસ-સવાનો સમય આપશે.

૯૩. જે સ્ત્રીઓ, કેળવણીના અગણિત લાભથી બેનશીબ રહે, અને યોગ્ય સદ્ગુણો ગ્રહણ ન કરે તો તેના કુટુમ્બમાં કેળવણીનો મહાન્ ગુણ ઉત્પન્ન થવો એ અસંભવીત છે.

૯૪. કુટુમ્બનો, કોમનો, અને દેશનો ઉદય, સ્વાત્મ ભાવનાવાળી વિનિત સ્ત્રીઓ થકી છે.

૯૫. નિઃસ્વાર્થપણું અને નિયમિતપણું, એ બે ગુણો શીખવાનું સ્થળ ગૃહસ્થાશ્રમ છે.

૯૬. ગૃહસ્થાશ્રમ એ બાળકોનું રક્ષણ કરવાનું શીખવાની, અને આત્મભોગ અર્પવાનું શીખવનારી સહેલામાં સહેલી નિશાળ છે.

૯૭. ગૃહસ્થાશ્રમ રૂપ નિશાળમાં માતાને, પત્નિને, અને પુત્રીને પોતાંના કર્ત્તવ્ય બજાવવાની કેળવણી મળે છે.

૯૮. ખાનદાન સ્ત્રીઓના હૃદયમાં વિકાર ઉત્પન્ન થતો નથી. તેથી તેઓનું શિયળ મેરૂ પર્વત જેવું નિશ્ચલ હોય છે.

૯૯. જેના ઘરમાં સતી ધર્મ-શુદ્ધ શિયળ પાળનાર સ્ત્રી હોય તેના ઘરમાં સર્વ પ્રકારની સંપત્તિ સાંપડે છે.

૧૦૦. વાદળીને આધારે જેમ ચંદ્ર સૂર્ય રહેલા છે. તેમ પતિવૃતા સ્ત્રી નિજપતિના આધારે જાણવી.

૧૦૧. પરોપકારવૃત્તિ અને ધાર્મિકવૃતિને ધારણ કરનાર સ્ત્રીઓનું જીવન સત્કિર્તિને પમાડનારૂં બને છે.

૧૦૨. કેળવાએલી સ્ત્રીઓ પોતાના હૃદયને દ્રવ્યરૂપ કરતાં ભાવરૂપને વધારે પસંદ કરે છે.

૧૦૩. પાંચ ઇંદ્રિયોમાં રસેંદ્રિ, કર્મમા મોહની કર્મ, ગુપ્તિઓમાં મન ગુપ્તિ જીતવી દુર્લભ છે. તેમ વૃતોની અં ર શિયળવૃત અખંડિતપણે પાળવું મહા દુર્લભ છે.

૧૦૪. સ્ત્રી કેળવણી રૂપ કલ્પલતાને નવપલ્લવિત કરવાને સુશિક્ષિત સ્ત્રીઓએ પ્રયાસ કરવો.

૧૦૫. સારી રીતે શિક્ષિત થયેલી, વિનિત, પ્રબુદ્ધ, અને ભણાવેલી પુત્રીઓ તેમના માબાપોને સત્કીર્તિ અને સુખ આપનારી થાય છે.

૧૦૬. પૂર્વ સતીઓના ચરિત્ર વાંચી, મનન કરી તે પ્રમાણે વર્ત્તનાર સર્વ પ્રકારે વિજયવતી, ધર્મવતી, અને શ્રેયઃસાધિક બની પોતાના જીવનને ઉજ્જવળ કરે છે.

૧૦૭. વિદુષી સ્ત્રીઓએ પોતાના ધર્મ સંસ્કારો સમાગમમાં આવનાર સઘળી સ્ત્રીઓમાં આરોપણ કરવા. અને સંસાર વ્યવહારના શુદ્ધ સ્વરૂપો સમજાવી અનેક વિદુષી સ્ત્રી ઉત્પન્ન કરવી.

૧૦૮. સંપત્તિ અને આયુષ્યને અસ્થિર જાણી, માનવ જીવનનો સદુપયોગ કરવાને ધર્મને વિષે વિશેષ ઉદ્યમ કરવો. કે જેથી સુગંધી ગુલાબની સુવાસના પ્રચરે, અને મત્ય શણુગાર જે સૈભાગ્યચિન્હ ભાળ-કપાળને વિશે રહેલ 'કુંકૂમ તિલક' તે જયવંતુ વર્તે— ૐ શાન્તિઃ

સુંદરીને હિત શિક્ષા.

(ઓધવજી સંદેશો કહેજો સ્યામને.—એ રાગ.)

સુખદાયક હિત શિક્ષા સાચી સાંભળો,
ધરજો મનમાં હેત ધરી સુનારજો;
પ્રભુ ભક્તિ શ્રદ્ધાથી સુખડાં પામશો,
હરતાં ફરતાં લેજો દેવનું નામજો. સુખ૦
નિંદા ચાડી ચુગલી કરવી વારજો,
દ્વેષ ધરો નહિં કોઇ ઉપર તલભારજો;
આળ ન દેવું પરના ઉપર વૈરથી,
પેટ ભરી ભરી કરશો નહિં અહારજો. સુખ૦
નિજ શક્તિ અનુસારે લક્ષ્મિ ધર્મમાં,
વાપરવી લહી માનવ ભવ અવતારજો;
હળી મળી સંપીને ઘરમાં ચાલવું,
ઘરમાં કરવો નહિં ખટપટથી ખારજો. સુખ૦
સુખની વેળા ભાગ્ય થકી જો સાંપડે,
ત્યારે કરવો નહિં મનમાં અહંકારજો;

દુઃખની વેળા દિલગીરીને ત્યાગીએ,
એક અવસ્થા રહે નહિં સંચારજો. સુખ૦
વચન વિચારી બોલો બહુ મીઠાશથી,
મોટા જનનું સાચવવું બહુ માનજો;
ગંભીર મનનાં થાશો સુખડાં સંપજે,
સતગુરૂ ગુણનું કરવું જગમાં જ્ઞાનજો. સુખ૦
સમયસૂચકતા સમતા રાખી ચાલીએ,
નિતિ જ્ઞાનનો ધરજો મન આચારજો,
બુદ્ધિસાગર સદ્ગુરૂ સંગત કીજીએ,
પામો તેથી ભવસાગરનો પારજો. સુખ૦

હિત શિક્ષા ૨ જી.

(ઓધવજી સંદેશો કહેજો શામને—એ રાગ.)

સાચી શિક્ષા સમજુ સ્ત્રીને સાનમાં,
કદિ ન કરવો પ્રાણપતિ પર ક્રોધજો;
સાસુ સસરાની હિત શિક્ષા માનવી,
પુત્ર પુત્રીને કરવો સારો બોધજો. સાચી૦
લજ્યા રાખી બોલે મોટા આગળે,
જેવી સંપત તેવું ભોજન ખાયજો;
લોક વિરૂદ્ધ વરતે નહિં કુળવટ સાચવી,
કુલટા સ્ત્રીની સાથે કયાંય ન જાયજો. સાચી૦
દેવ ગુરૂને ધર્મે ભક્તિ જેહની,

સંકટ આવે કરતી પતિને સહાયજો,
બુદ્ધિસાગર શિયળ પાળે પ્રેમથી;
શિયળવંતી નારી સુખડાં પાયજો. સાચી૦

હિતશિક્ષા ૩ જી.

(ઓધવજી સંદેશો કહેજો શામને—એ રાગ.)

શાણી સ્ત્રીને શીખામણ છે સહેજમાં,
શિયળ પાળો મનમાં ધારી ટેકજો,
સત્ય અસત્ય વિચારી મન દોરાવવું,
દેવગુરૂનાં દર્શન કરીને ખાયજો. શાણી૦
દયા દાન આભૂષણ કંઠે ધરો,
ક્રોધાવેશે કદી ન દેવી ગાળજો,
દેરાણી જેઠાણી સાથે સંપીને,
વર્ત્તે કરતી કુટુંબ તણી સંભાળજો. શાણી૦
રડવું કુટવું નિર્લજ વાણી ભાખવી,
કરતી તેનો સત્ય ટેકથી ત્યાગજો;
સારી સ્ત્રીની સોબત કરતી પ્રેમથી,
ધન્ય ધન્ય એવી સ્ત્રીનો અવતારજો. શાણી૦
નિંદા ઝઘડા વેર ઝેરથી વેગળી,
સહુના સારામાં મન હરખાયજો;
બુદ્ધિસાગર બાળક શિક્ષક માત છે,
સારી સ્ત્રીથી કુટુંબ સુખીયું થાયજો શાણી૦

હિતશિક્ષા ૪થી.

(સારૂ સારૂ સુરત શહેર, મુંબઈ અલબેલી—એ રાગ.)

સહુ નિર્મળ મનની નાર, ઉરમાં પ્રેમ ધરી,
શુભવચન રચન સુખકર, નિરખો નેહ ધરી. ઉ૨૦
ચતુરા વ્હાવાની ચતુરાઇ, મનન કર્યાથી મળશેરે;
ઢોંગ સોંગને ધૂર્તમંત્રની, અઘટિત રીતો ટળશે. ઉ૨૦
ન્યાતવરાને રડણ કુટણની, ચાલી ચાલ નઠારીરે;
તેમજ બીજી અઘટિત રીતો, દેશો સઘ સુધારી. ઉ૨૦
સીતા દ્રૌપદી ને દમયંતી, જેનાં ચારૂ ચરિત્રરે;
ચિત્ર પ્રમાણે ચીત્તથી વાંચી, થઇએ પરમ પવિત્ર. ઉ૨૦
પિયર અને સાસરીયાં કેરી, શુભ સંબંધ સમજવારે;
શાસ્ત્રવચન શ્રુતિ મંત્ર પ્રમાણી, લાગો ઝટ અનુસરવા. ઉ૨૦
શિક્ષણથી માણસપણું આવે, નીપજે કનક કથીરરે;
શેવીને કુંકૂમ પદ સુંદર, કાં ન બનો ધીરવીર. ઉ૨૦

સંપૂર્ણ.

કુસુમનાં છાંટણાં.

બહેનો !

૧ નીચ સ્વભાવના મનુષ્યોની સોબત કરવી નહિં. એવા જનોની સોબતથી ઉત્તમપણું હારી જવાય છે.

૨ ક્ષણમાં આવે અને ક્ષણમાં જાય, એવાં સ્વપ્ના તુલ્ય સંસારના સુખ છે. માટે વિષય વિકારમાં નહિં લોભાતા પોતાના ઇષ્ટદેવ પ્રત્યેના અવિચળ સુખવાળા ભક્તિરાગમાં જોડાવું.

૩ પુન્યથી સુખ અને પાપથી દુઃખ છે. માટે ધર્મને હૃદયમાંથી વિસારવો નહિં.

૪ પોતાના ઇષ્ટદેવના ફરમાનની આણાને તોડી ચોરાશીના ફેરામાં ફરી ફરીને ભટકવાનું કરવું નહિ.

૫ ભણવા ગણવાથી મૂર્ખતા દુર થાય છે. અને મુખેથી મીઠાં વચન ઉચારી શકાય છે. અને સદ્ગુણ વહેલા પ્રગટે છે.

૬ ક્રોધે કરી કોઈનું અપમાન કરવું નહિં. અને સર્વનું યોગ્ય માન જાળવવું, એ ઉત્તમ કેળવણીનુ ફળ છે.

૭ દળવા, ખાંડવા વિગેરે ઘર આશ્રી કામો (પાપ આરંભ કામ) કરતાં કોઈપણ સૂક્ષ્મ જંતુ હણાઈ ન જાય તેવી જત્ના પૂર્વક સભાળ રાખવી.

૮ નવરાશના વખતે વગર કામે કોઇને ઘેર નહિં જતાં ઉપયોગી ભણવા-વાંચવાનો ઉદ્યમ કરવો. જેથી હેય, જ્ઞેય, ને ઉપાદેયની ખબર પડે છે.

૯ કોઇની પારકી નિંદા કરવી નહિ, તેમ કોઇને ખોટું આળ ચડાવવું નહિં.

૧૦ વાતવાતમા કોઈની સાથે લડી પડવું નહીં. વાતવાતમાં લડી પડયાથી કુસંપ વધે છે, ને કુસંપથી ઈર્ષા વધે છે.

૧૧ નીતિ પૂર્વક ઘરમાં (રૂડા આચારથી) વસવું, કોઈ સાથે વૈર કરવું નહિં.

૧૨ ક્રોધ કપટ ઈર્ષા ને લોભને તજવાં.

૧૩ પતિ સિવાય પર પુરૂષના અંગ નિહાળીને જોવા નહિં.

૧૪ ભૂપતિ, પતિ, યતિ, અને ખાખીના જોડે વાદ વદવા નહિં.

૧૫ લક્ષ્મિ મળતાં મોટાઇમાં મલકાઇ જવું નહિં.

૧૬ કીર્તિને કલંક લાગે ત્યાં ઊભાં રહેવું નહિં.

૧૭ નીતિ બોધ મેળવી પીયર અને સાસરિયા કુળના કુળદિપક થવું.

૧૮ શિયળનો ભંગ ન થાય તેમ વર્ત્તન રાખવું.

૧૯ બાળકોને બચપણથી સ્વધર્મના આચાર વિચારની છાપ પાડવી.

૨૦ ધર્મ અને ધર્મકાર્યની ટેક રાખવી. પણ કુવ્યસનની ટેવને ત્યજવી.

૨૧ સમુદ્રના પેઠે ગંભિર, મેરૂ પેઠે ધીર, અને ચંદ્રમા સરખા શિતળ થવું.

૨૨ કોઇ કામ કરતાં ઉતાવળા થવું નહિં. પણ સમતા રાખી કરવું.

૨૩ વડીલો પાસે લાજ-મર્યાદ પૂર્વક બોલવું અને વર્ત્તવું.

૨૪ પ્રાણાંતે પણ અભક્ષ્ય વસ્તુનું ભક્ષણ કરવું નહિં.

૨૫ મિતાહારી થવું, અને ઘરની લક્ષ્મિના પ્રમાણમાં ભોજન કરવું. ઉડાઉ ખર્ચ રાખવો નહિં.

૨૬ સ્વજન અને પરિજન ઉપર પ્રેમ રાખવો

૨૭ પ્રાતઃકાળમાં સ્નાન કરી દેવદર્શન કરવાં.

—

જૈન ભાઇઓને ભેટ.

સુવિચાર કુસુમમાળા.	ગુંહલી સંગ્રહ.
નીતિ વિચાર રત્નમાળા.	નવકાર મંત્ર.
વૈરાગ્ય રત્નમાળા.	આનંદઘન ચોવીસી.
આત્મ નિરિક્ષણ.	ગરબાવળી

ઉપર જણાવેલા પુસ્તકો તૈયાર છે. શિલિકમા હશે સુધી ભેટ આપવામા આવશે. ભેટ મંગાવનારાએ દરેક, ૨ કની અકેક પ્રત દીઠ અર્ધા આનાની પોષ્ટ ટીકીટ બીડવી.

છપાય છે.

તત્વપ્રકાશ ભાગ ૨ જો

સૌભાગ્ય અલંકાર કુંકુમતિલક

સર્વને ભેટ આપનાર,

કંકુચંદ મૂળચંદ પટણી.

ઠે ચોપાટીપગ ન ૭–મુંબઇ.